મહત્તમ : ૩૪.૨ ડીગ્રી
લઘુતમ : ૧૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૩૨ ટકા ● સાંજે ૨૧

ગાંધીનગર તાપમાન

# શહેરમાં ચિકનગુનિયાનો શંકાસ્પદ કેસ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના સેકટર-૧૨ માં રહેતા એક યુવાનને ગઈકાલે બપોર બાદ અચાનક તબિયત બગડતા તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો છે. આ યુવાનને શરીર જકડાઈ જવાની ફરીયાદને પગલે ચિકનગુનિયાનો ટેસ્ટ પણ કરાવવામાં આવ્યો છે. ત્યારે ચિકનગુનિયાનો શંકાસ્પદ કેસ મળી આવતા તંત્ર પણ ચોંકી ઉઠ્યું છે. જયારે ટુંક સમયમાં યુવાનના રેસીડન્ટ વિસ્તારની આસપાસ સર્વેલન્સની કામગીરી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવે તેવી પરિસ્થિતિ ઉભી થવા પામી છે. જયારે એક તરફ પીએમ ગાંધીનગરના આંગણે આવેલ હોવાથી તમામ તંત્ર ખડેપગે સેવામાં છે. ત્યારે આ બીજી તરફ ચિકનગુનિયાના શંકાસ્પદ કેસને લઈ તંત્રએ કામગીરી શરુ કરી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખાનગી એજન્સીમાં ફરજ બજાવતો યુવાન જ ગઈકાલ ફરજ દરમિયાન અચાનક તબિયત બગડતા દાખલ થયો હતો. હોસ્પિટલમાં દર્દીઓ જ્યાં સ્વસ્થ થવા માટે આવે છે ત્યાં જ કામગીરી કરતો યુવાન બિમાર પડતા અન્ય કર્મચારીઓ પણ ચોંકી ઉઠ્યા છે. જયારે આ યુવાને પોતાના શરીરના અંગો જકડાઈ જતા હોવાનું જણાવતા હોસ્પિટલ તંત્ર દ્વારા તેના બ્લડ સેમ્પલ તેમજ અન્ય જરુરી ટેસ્ટ પણ કરાવામાં આવ્યા છે. જયારે ચિકનગુનિયાનો શંકાસ્પદ કેસ મળી આવતા આરોગ્ય તંત્ર ચોંકી ઉઠ્યું છે. હોસ્પિટલના અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ અત્યારે હાલ યુવાનની તબિયત સુધારા પર છે. પરંતુ યુવાનના નિવાસ સ્થાનની આસપાસ સર્વેલન્સની કામગીરી હાથ ધરાય તો નવાઈ નહીં. ત્યારે ગાંધીનગરમાં શિયાળામાં કોઈ પણ દર્દીએ શરીરના સાંધા તેમજ અંગો જકડાઈ જવાની ફરિયાદવાળા આવ્યા નથી. ત્યારે ઉનાળાના પ્રારંભે આ શંકાસ્પદ કેસ મળી આવતા તંત્ર તેમજ હોસ્પિટલના કર્મચારીઓ સૌ કોઈ અચંબામાં પડી ગયા છે. ના વિવિધ વોર્ડ, ઓપરેશન થિયેટર્સ, ઓપીડી સહિત ડોક્ટર્સ અને સ્ટાફની પણ વિગત મેળવી

## શહેરની મહિલાઓએ શેફ હરપાલસિંઘની જીભે ચટાકો લગાડયો

### સે-૧૧માં યોજાયેલ કૂકીંગ કોમ્પિટીશનમાં ૪૦ જેટલા સ્પર્ધકોએ અવનવી વાનગીઓ બનાવી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસને અનુલક્ષીને કૂક વીથ કનિનિકા કૂકીંગ કલાસ તથા હેપ્પી શેફ કંપની દ્વારા કૂકીંગ કોમ્પિટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોમ્પિટીશનમાં દેશના જાણીતા શેફ હરપાલસિંઘ શોખી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ગાંધીનગર સમાચાર સાથેની વિશેષ વાતચીતમાં રસોઈકલાને એકબીજા સાથે જોડવાનું માધ્યમ ગણાવતા ગાંધીનગરની ગૃહિણીઓએ બનાવેલ વાનગીઓની પ્રસંશા કરી હતી.





કૂકીંગ કોમ્પિટીશનમાં આશરે ૪૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. શેફ હરપાલસિંઘે તમામ સ્પર્ધકોની વાનગીઓ ટેસ્ટ કરી હતી અને તેના આધારે વિજેતાઓ જાહેર કરાયા હતા. સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે વંદના કામત, દ્વિતિય ક્રમાંકે પૂર્વી ઝવેરી તથા તૃતીય ક્રમાંકે મોનીકા રાપમલાની વિજેતા જાહેર કરાયા હતા. તમામ વિજેતાઓને હેપ્પી શેફ કંપની દ્વારા ઈનામો આપવામાં આવ્યા હતા. આ ઈવેન્ટનું આયોજન ગાંધીનગરના શેફ કનિનિકા મહેતા, સ્વાતિ બારોટ તથા દક્ષા જાદવ દ્વારા ખંતપૂર્વક કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં હેપ્પી શેફ કંપનીના નોનસ્ટીક કીચનવેરનું લોચીંગ કરવામાં આવ્યું હતું તથા આ સાથે એકિઝીબીશન કમ સેલ પણ યોજવામાં આવ્યું હતું.

## એસઆરપી જવાન દારૂ ઢીંચીને પોલીસ સ્ટેશનમાં આવી ગયો

ગાંધીનગર, તા.૭

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગાંધીનગર પ્રવાસને પગલે ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે ત્યારે એક એસઆરપી જવાન દારૂ ઢીંચીને પોલીસ સ્ટેશનના હીંચકે સુઈ ગયો હતો. પેટ્રોલીંગ કરીને પોલીસ સ્ટેશન આવેલા પીઆઈનું ધ્યાન જતા તેને ઉઠાડી ડયુટી અંગે પુછતા લથડીયા ખાતો નજરે ચઢયો હતો. દારૂના નશામાં ધૂત જવાન સામે પીઆઈએ ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

સેકટર-૭ પી.આઈ. ડી.સી. સોઢા આજે બપોરે પેટ્રોલીંગ કરીને પોલીસ સ્ટેશન પહોંચ્યા ત્યારે કેટલાક એસઆરપી જવાનો પોલીસ સ્ટેશન કંપાઉન્ડમાં બેઠેલા હતા. વડાપ્રધાનના બંદોબસ્ત માટે આવેલા હતા. એસઆરપી ગૃપ-૩ મડાણા બનાસકાંઠા બી કંપનીનો એક જવાન મહાવિરસિંહ અખુભા જાડેજા હિંચકે સુતેલો હતો. તેના પર પીઆઈનું ધ્યાન જતા તેને ઉઠાડી બંદોબસ્તના પોઈન્ટ અંગે પૃચ્છા કરી હતી. તોતડાતી જીભે નશામાં લાલ આંખો સાથે લથડીયા ખાતા ખાતા તેણે સે-૬ સત્યાગ્રહ છાવણી પોતાનો પોઈન્ટ હોવાનું કહ્યું હતું. નશામાં ધુત જણાતા મોં સુધી તપાસ કરતાં દારૂ ઢીંચીને આ જવાન આવ્યો હોવાનું જણાયું હતું. પોતાને ઉભા રહેવાના પણ હોશ ન હતા. જવાન સામે પ્રોહીબીશન એકટ હેઠળ ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી લઈને બંદોબસ્ત માટે દારૂ ઢીંચીને આવેલા જવાનને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યો હતો.

## મોંઘવારી ભથ્થુ જુલાઈથી મંજુર કરવા અંગે પેન્શનરોનો આક્રોશ

ગાંધીનગર, તા.૭

સને ૧૯૮૬થી રાજય સરકારે કેન્દ્ર સરકાર દ્વારા નિમવામાં આવેલ ચોથા પગાર પંચની ભલામણો સ્વીકારી હતી. રાજય પગાર પંચ રદ કરેલ છે. રાજય સરકારે તે સમયે નીતિ વિષયક નિર્ણય લઈ કર્મચારી-પેન્શનરોને કેન્દ્ર પ્રમાણે પગાર પેન્શન અને તમામ આનુસાંગિક ભથ્થાઓ પણ આપવાનું ગુજરાત સરકારે 'યાવદ ચંદ્રદિવાકરો' જેમ સ્વીકારેલ છે.

તે મુજબ રાજય સરકારે કેન્દ્રના સાતમા પગાર પંચની ભલામણોનો સ્વીકાર કરેલ છે. કેન્દ્ર સરકારે જુલાઈ ૨૦૧૬થી બે ટકા મોંઘવારી ભથ્થું જાહેર કરેલ છે તે પ્રમાણે રાજય સરકારે જાહેર કરવું જોઈએ. પરંતુ ખેદ સાથે પેન્શનરોને જણાવવું પડે છે કે માર્ચ ૨૦૧૭ના બીજા સપ્તાહ સુધી મોંઘવારી ભથ્થું જાહેર કરેલ નથી જેથી પેન્શનરોમાં ભયંકર આક્રોશ ફેલાયેલ છે. કેન્દ્ર સરકારે જાન્યુઆરી ૨૦૧૭થી વધેલ મોંઘવારી બથ્થું ૨ કે ૪ ટકા ટુંક સમયમાં જાહેર કરવાની કાર્યવાહી શરુ કરેલ છે. તો ગુજરાત સરકાર દ્વારા જુલાઈનું મોંઘવારી ભથ્થું જાહેર કરવા વિનંતી કરેલ છે.

સરકાર જયારે મોંઘવારી ભથ્થું જાહેર કરે છે તે અગાઉ છ મહીનામાં મોંઘવારી તમામ વસ્તુઓમાં વધે છે. વધુ વિલંબ કર્યા વિના તાત્કાલિક મોંઘવારી ભથ્થું જાહેર કરવા માટે ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળ સે-૭-ડીના પ્રમુખશ્રી જયંતભાઈ ભટ્ટે નાણામંત્રી નીતિનભાઈ પટેલ સમક્ષ રજુઆત કરેલ છે.

## એનએસએસના સ્વયંસેવકોએ ૩૦૦ પક્ષી પરબો લગાડી

ગાંધીનગર, તા.૭

ઉનાળાની ગરમીનો પ્રારંભ થઈ ચુકયો છે અને તે સાથે જ પંખીઓને પીવાના પાણીની મુશ્કેલીની શરૂઆત થઈ ચુકી છે. ગાંધીનગરના સે-૨૩ની અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલજના એનએસએસ યુનિટ દ્વારા આ અબોલ પક્ષીઓની તરસ છીપાવવા માટે અનોખો સેવા યજ્ઞ હાથ ધર્યો હતો. જેમાં તેમણે કેમ્પસમાં ૩૦૦ પક્ષી પરબો લગાડી હતી.

માટીના કુંડાઓથી બનેલ પક્ષી પરબો એનએસએસ યુનિટના સ્વયંસેવકો દ્વારા એ રીતે લગાડી હતી કે જેથી તેમાં નિયમિત પાણીની વ્યવસ્થા કરી શકાય. આ સાથે નિયમિત પણે પાણી ભરવાના સેવા કાર્ય માટે પણ યુનિટ દ્વારા જવાબદારી વહેંચી આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે યુનિટ દ્વારા હજુ વધુ ૭૦૦ કુંડાઓ લગાડવાનો નિશ્ચય કરવામાં આવ્યો છે. આ સેવા કાર્યને સફળ બનાવવા એનએસએસની સ્વયંસેવક અંજલિ પટેલે ખુબ જહેમત ઉઠાવી હતી. આ સદકાર્યમાં તેને સાહિલ પટેલ, વિકાસ




રાજગોર, મંથન ચાવડા, કુલદિપ ડોડિયા, આરતી પટેલ, જૈમિન પટેલ, મનદિપસિંહ ઝાલા, પ્રિયંકા ચાવડા, ભવદિપસિંહ વાળા, કિરણ મોરી, મિત્ત સોની, શ્વેતા, અમી પટેલ, પ્રિયંકા ચાવડા વગેરે સ્વયંસેવકોએ ખુબ યોગદાન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન-સંચાલન પ્રોગ્રામ ઓફિસર ડૉ. રણછોડ રથવીએ કર્યુ હતું. ઉનાળાની કાળઝાળ ગરમીના પ્રારંભે જ એનએસએસ યુનિટની માનવીય અભિગમયુકત કામગીરીને કોલેજના આચાર્યા વિજ્ઞા ઓઝાએ બિરદાવી હતી.

## લીપ ઈન્ટરનેશનલ સ્કુલનો વાર્ષિક ઉત્સવ યોજાયો






લીપ ઇન્ટરનેશનલ સ્કુલ, સેકટર-૨નો વાર્ષિક ઉત્સવ તાજેતરમાં આંબેડકર હોલ, સેકટર નં. ૧૨ ખાતે યોજાયો હતો. વાર્ષિક ઉત્સવમાં શાળાના પ્લે ગૃપ થી ધોરણ ૧ના નાના ભૂલકાઓ દ્વારા વિવિધ ભારતીય સંસ્કૃતિનુસારના કાર્યક્રમ રજુ કરવામાં આવ્યા હતા. શાળા પરિવાર દ્વારા વિવિધ કાર્યક્રમ થકી બાળકોમાં વૃક્ષ બચાવો, બેટી બચાવો, પાણી બચાવો અને સ્વચ્છતા અંગેની જાગૃતિ આપવાનો ઉમદા પ્રયાસ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે શાળા પરિવાર, બાળકો અને વાલીઓનો સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્યશ્રી મીનુ સિસોદીયાના માર્ગદર્શન હેઠળ શાળાના સ્ટાફગણે ભારે જહેમત ઉઠાવી હતી.

## આવતીકાલે સુવર્ણપ્રાશનના ટીપા પીવડાવાશે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લા આયુર્વેદ કચેરી અને જિલ્લા પંચાયત ગાંધીનગર દ્વારા હોમિયોપેથી અને આયુર્વેદ દવાખાનાઓમાં તા. ૯-૩-૧૭ના ગુરુવારે સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ અને ૪ થી ૫ કલાક દરમિયાન બાળકોને સુવર્ણ પ્રાશનના ટીપા વિના મુલ્યે પીવડાવવામાં આવશે.

જિલ્લાના સરકારી અને જિલ્લા પંચાયત સંચાલિત આયુર્વેદ અને હોમિયોપેથી દવાખાનાઓમાં બાળકના ઉત્તમ સ્વાસ્થ્ય તથા તંદુરસ્તીમાં વધારો કરવા માટે અને હંમેશા તે નિરોગી રહે તે હેતુસર આયુર્વેદ બ્રાહ્મી, શંખપુષ્પી જેવા દિવ્ય મેઘાવર્ધક ઔષધો છે. વૃધ્ધિની સૌથી વધારે પ્રક્રિયા ચાલતી હોય તેમાં સૌથી વધારે પોષણની જરૂર પડે છે. આ ગાળો સમગ્ર જીવનના પાયા સમાન છે. જો પાંચ વર્ષ સુધી બાળકને દર પુષ્યનક્ષત્રમાં સુવર્ણપ્રાશન કરવામાં આવે તો બાળકના બળ બુધ્ધિ અને મેઘામાં વધારો થાય છે તથા શારિરીક અને માનસિક વિકાસ ઝડપી બને છે ને બાળકની રોગ પ્રતિકારક શકિત વધારે છે તે માટે ફુડ એન્ડ ડ્રગ કંટ્રોલ એડમીનીસ્ટ્રેટર ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત ઔષધિ વિના મુલ્યે વસુધૈવ કુટુમ્બક સંસ્થાના ડૉ. દવે સુવર્ણમૃત નામથી પુરું પાડે છે. વધુ સંપર્ક માટે નિયામકશ્રી ભારતીય તબીબી અને હોમિયોપેથી પધ્ધતિની કચેરી ગાંધીનગરે જણાવ્યું છે. જિલ્લાના દવાખાનાઓમાં માર્ચ માસ દરમિયાન સુવર્ણ પ્રાશનનું આયોજન કરવામાં આવેલ છે.

# બેંક પાસેથી પસાર થયા તો પણ ચાર્જ ઉધરશે

ગાંધીનગર, તા.૭

નોટબંધી પછી બેંકોની મનમાની, નવા નિયમો તથા લાઈનોમાં ઉભા રહી સંપુર્ણ સહકાર આપનાર ખાતેદારોને જાણે કે બેંકથી દૂર જ રાખવા હોય તેમ નિત નિયમોમાં બદલાવ થયા કરે છે. જેને સોશિયલ મીડીયાએ ભારે કટાક્ષોનો મારો કરી આ નિયમો ગ્રાહકો ઉપર ઠોકી બેસાડયા હોય તેવી લાગણી દર્શાવી છે. એપ્રિલથી સ્ટેટબેંકના ખાતેદારોને વિવિધ પ્રકારના ચાર્જનો બોજ સહન કરવો પડે તેમ છે જેમાં સોશિયલ મીડીયાએ ઠેકડી ઉડાડી છે કે હવેથી બેંક આગળથી પસાર થયા તો પણ ખાતામાં ચાર્જ ઉધરી જશે. તેમજ અન્ય કેટલીક કટાક્ષ કોમેન્ટો પણ વાઈરલ થઈ છે જે ખાતેદારોનો રોષ અને વિરોધ દર્શાવે છે.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા એપ્રિલથી દંડનાત્મક જોગવાઈ વધારાઈ છે. જેમાં લઘુત્તમ બેલેન્સ નહીં હોય તો દંડ, પોતાના એટીએમમાંથી ત્રણ વખત જ ઉપાડ, એસએમએસ એલર્ટ, કેશ ટ્રાન્જેકશન, એટીએમ ટ્રાન્જેકશન, ડેબીટ કાર્ડ ધારકોને પણ ચાર્જ વગેરે ચાર્જીસ ગ્રાહકોના ખાતામાં નિયમની અવગણનાથી આપોઆપ ઉધરી જશે. એસ.બી.આઈ.ના ખાતેદારોમાં

**નવા નિયમોની સોશિયલ મીડીયામાં ઠેકડી ઉડી બેંકમાં ઉભા રહેવાનો, બેંકમાં પ્રવેશ કરવાનો તથા ખાતાની વેલીડીટીનો પણ ચાર્જ ઉધરશે જેવી કટાક્ષ કોમેન્ટો વાયરલ થઈ**

બેંકના આ પ્રકારના વલણથી ભારે રોષ ફાટી નીકળ્યો છે જેના પ્રત્યાઘાત હાલ તો સોશિયલ મીડીયામાં વ્યકત થઈ રહ્યા છે. ખાતેદારો ઉપર કોઈ પણ જાતની સંમતિ લીધા વગર ઠોકી બેસાડવામાં આવનાર આ નિયમો નોટબંધીમાં પૂર્ણ સહકાર આપનાર ખાતેદારોને મળેલું દંડરૂપી ખંજર હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

જો કે સોશિયલ મીડીયાએ આ નિયમોથી આગળ વધી બેંકની જોરદાર મજાક કરતા મેસેજમાં જણાવાયું છે કે જો ખાતેદાર બે થી વધારે વખત બેંક આગળથી પસાર થશે તો તેનો ચાર્જ ઉધરી જશે. વળી વાયરલ થયેલા આ મેસેજમાં એવો જોરદાર કટાક્ષ કરાયો છે કે બેંકમાં પ્રવેશ કરવાનો તથા બેંકમાં ઉભા રહેવાનો પણ ચાર્જ ઉધારાશે. તેમજ ખાતેદારે મોબાઈલની જેમ ખાતાની વેલીડીટી ચાર્જ પણ ભરવો પડશે. આમ દેશભરમાં બેંકોના નિયમોની હાંસી ઉડાવાઈ રહી છે. કેશલેસ વ્યવહારોને પ્રાધાન્ય મળે તે માટે દંડનાત્મક જોગવાઈઓ વધારી દીધી હોવાની ચર્ચાઓ પણ થઈ રહી છે છતાં પણ જે ગ્રાહકો-ખાતેદારોએ સંયમીતતા દાખવી સરકારના નોટબંધીના પગલાંને આવકારી લઈનોમાં ઉભા રહી હડધૂત થઈ પોતાના નાણાં અંગે ચિંતીત થયા વગર બેંકો તથા સરકારને જે સહકાર પૂરો પાડયો છે તે આ તબક્કે ભૂલવો ન જોઈએ તે પણ ઠેર ઠેર ચર્ચાસ્પદ બન્યું છે.

## આઈ લવ માય ગાંધીનગર



**નિસર્ગ દર્પણ બુચ**
વિદ્યાર્થી

**ગાંધીનગર ગમે**

સુઆયોજિત નગરવ્યવસ્થા, હરિયાળી અને ખુશનુમા વાતાવરણને કારણે ગાંધીનગર શહેર મને ગમે છે.

**નગરજનો**

બે પ્રકારના નગરજનો અહીં વસે છે. એક એવા જે માત્ર પોતાના માટે જીવે છે અને બીજા એવા જે બીજાના માટે પણ જીવીને બતાવે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

શહેરમાં થતી સાંસ્કૃતિક, સેવાકીય પ્રવૃત્તિઓથી ન માત્ર આનંદ પરંતુ ગૌરવની લાગણી થાય છે.

જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, પનઘટ કલા કેન્દ્ર, જી ઈ કલબ, વેણુ ભારતી અને ગાંધીનગર કલ્ચરલ ફોરમની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

સ્વચ્છતા જેવા જૂના અને 'જાહેર વ્યવહાર' જેવા નવા વિષયે ખૂબ કામ કરવું જરૂરી છે. નવી પેઢી ન માત્ર સંવેદનશીલતા પરંતુ સૌજન્યતાથી પણ દૂર થઈ રહી છે એ બાબતે ચિંતા અને કર્મ કરવાની આવશ્યકતા છે.

**નગર માટે હું કરી શકું**

યુવા નાગરિક તરીકે સેવાકીય કાર્યો માટે મારું યોગદાન આપવા હું તત્પર છું.

## વર્લ્ડ વુમન્સ ડે નિમિતે નિઃશુલ્ક ફિજીયોથેરાપી સારવાર

યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ ૭૮૬/૧, સે-૭-બી ખાતે નિઃશુલ્ક ફિજીયોથેરાપી સારવાર તથા નિદાનકેમ્પ સવારે ૮ થી ૧૨ અને સાંજે ૪ થી ૮ દરમિયાન વર્લ્ડ વુમન્સ ડે ના ઉપક્રમે આજ રોજ યોજવામાં આવેલ છે. તો નગરની મહિલાઓને ટ્રસ્ટના ઉપપ્રમુખ હાર્દિક તલાટીએ લાભ લેવા અનુરોધ કર્યો છે.

## ગાંધીનગર દશનામ ગોસ્વામી સમાજના વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર દશનામ ગોસ્વામી સમાજના વિદ્યાર્થીઓ તેમજ સમાજના બદલી, બઢતી અને નવી નિમણુંક પામેલા હોય તેવા કર્મચારી-અધિકારીઓનું પણ સન્માન કરવામાં આવશે. દશનામ ગોસ્વામી સમાજના વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટો સમાજના હોદ્દેદારોને આગામી તા. ૨૦-૩-૧૭ સુધી પહોંચાડી સહકાર આપવા સમાજના પ્રમુખ અને મંત્રીશ્રીએ અનુરોધ કર્યો છે.

## હરિદ્વારમાં શ્રાવણ માસમાં ભાગવતકથા

પવિત્ર શ્રાવણ માસમાં સુંદરધામ પરિવાર દ્વારા આ વર્ષે ભવ્ય શ્રીમદ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. ગયા વર્ષની સફળતા બાદ આ વર્ષે તા. ૧૩-૮-૧૭થી૧૯-૮-૧૭થી સાત દિવસીય કથાનું આયોજન ભારતીબાપુની વ્યાસ પીઠે કરવામાં આવ્યું છે. આ યાત્રા રેલવે દ્વારા કરવાની હોવાથી ચાર માસ પહેલા ટિકિટ લેવાની હોવાથી યાત્રામાં જોડાનાર યાત્રિકે વહેલામાં વહેલી તકે સુંદરધામ શ્રી હનુમાનજી મંદિર રાંધેજા અથવા મો.નં. ૮૧૪૧૨૧૭૦૫૦, ૯૪૨૮૫૯૫૭૪૧, ૯૩૭૪૧૭૭૧૮૪ પર સંપર્ક કરવા અને વધુ માહિતી મેળવી લેવા સુંદરધામ પરીવાર દ્વારા જણાવવામાં આવ્યું છે.

## @ગાંધીનગર

● કડી સર્વ વિદ્યાલય સંચાલિત નાથીબા હોલ ખાતે મહિલા દિને સન્માન સમારોહ સવારે ૧૦ કલાકે યોજાશે.

● મહાત્મા મંદિર ખાતે બપોરે ૪ કલાકે પ્રધાનમંત્રીના હસ્તે મહિલા સરપંચોનો સન્માન સમારોહ યોજાશે.

## વાતવાતમાં

● વડાપ્રધાન ગાંધીનગર પધારવાના હોઈ દિવસભર શહેરમાં લાલબત્તી વાળી ગાડીઓ દોડતી દેખાઈ તથા સાયરનોની ગૂંજ સતત સંભળાતી હતી.

● વડાપ્રધાનના ગાંધીનગર ખાતેના રોકાણ દરમિયાન સવારે નાસ્તા માટે સેકટર-૭માંથી ફાફડા-ગાંઠિયા-જલેબી જેવા ફરસાણના તથા શહેરની અન્ય વાનગીઓના સ્પેશિયાલિસ્ટને તાબડતોબ રાજભવન તેડાવવામાં આવ્યા હતા. આ સાથે વડાપ્રધાનના સ્વાગત માટે જ રોડ પર ૧૦૦થી વધુ જનરેટર્સ લગાડી આખા માર્ગને શણગારવામાં આવ્યો હતો.

● અમૂલ ડેરી દ્વારા દૂધના ભાવમાં કરાયેલા લીટરે રૂ. ૨ના તોતીંગ વધારાનો સોશ્યલ મિડીયામાં સ્વયંભૂ વિરોધ પ્રારંભ થયો છે. આ વિરોધમાં આગામી તા. ૧૧, ૧૨, અને ૧૩ માર્ચ દરમિયાન અમૂલ ડેરીની તમામ પ્રોડકટસનો બહિષ્કાર કરવાની હાકલ કરવામાં આવી રહી છે.

## લાયોનેસ કલબ દ્વારા વુમન્સ ડે અંતર્ગત 'વુમનોલોજી અને ટેકનોલોજી કાર્યક્રમ'

ગાંધીનગર, તા. ૭

આંતરરાષ્ટ્રીય મહિલા દિને છેલ્લાં ઘણાં વર્ષોથી અલગ પ્રકારના વુમન એમ્પાવરમેન્ટના કાર્યક્રમ કરતી લાયોનેસ કલબ દ્વારા આ વર્ષે પણ અલગ જ પ્રકારનો કાર્યક્રમ બહેનો, ગૃહિણી, વિદ્યાર્થીનીઓ માટે ડિઝાઈન કરાયો છે.

સ્ત્રી સશક્તિકરણ દિવસ અન્વયે, લાયન્સ કલબ ઈન્ટરનેશનલની મહિલા પાંખ, લાયોનેસ કલબ દ્વારા બહેનો માટે 'વુમનોલોજી અને ટેકનોલોજી' કાર્યક્રમનું આયોજન કરાયું છે.

આજના યુગમાં મોબાઈલ ફોનનો ઉપયોગ વધ્યો છે ત્યારે મોબાઈલ - સ્માર્ટ ફોનના અનેક સકારાત્મક ઉપયોગ અને ફાયદાનું નિદર્શન, જાણકારી અને વ્યક્તિગત માર્ગદર્શન આપવામાં આવશે. આ સાથે ડિઝીટલ બેંકીંગ, એટીએમ, ડેબીટ-ક્રેડીટ કાર્ડ, નેટ બેન્કીંગના ઉપયોગ અને સાવચેતી જેવા વિષયોને આવરી લેતો અત્યંત ઉપયોગી, માર્ગદર્શક કાર્યક્રમનું બહેનો માટે આયોજન કરાયું છે.

આજ રોજ તા. ૮-૩-૨૦૧૭, બપોરે ૩.૦૦ કલાકે, બલરામ ભવન, સેકટર-૧૨ ખાતે યોજવામાં આવેલ કાર્યક્રમમાં સર્વે બહેનોને પધારવા માટે પ્રોજેકટ ચેરમેન મમતા રાવલ તથા સેકેટરી મિત્તલ રાણા તરફથી ખાસ આમંત્રણ છે. ગાંધીનગરની તમામ બહેનોને ભાગ લેવા માટે જાહેર નિમંત્રણ છે.

## ચિરવિદાય

● સ્વ. અરવિંદભાઈ પ્રેમશંકર ત્રિવેદી, ઉ.વ. ૭૨
● સ્વ. પટેલ ગીતાબેન દિનેશચંદ્ર, ઉ.વ. ૫૭